મહિલા આઈ.ટી.આઈ. જામનગરની વિદ્યાર્થિનીઓ દ્વારા

શહેરના મુખ્ય માર્ગો પર મતદાન જાગૃતિ અન્વયે બાઈક રેલી

મતદારોમાં મતદાન માટે જાગૃતિ લાવવા હેતુસર મતદાન જાગૃતિ અભિયાન (સ્વીપ) હેઠળ જામનગરની મહિલા આઈ.ટી.આઈ.ની વિદ્યાર્થિનીઓ તથા શિક્ષકો દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારી વિડજા અને મહિલા આઈ.ટી.આઈ.ના આચાર્ય જીજ્ઞેશ શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલ બાઈક રેલી શહેરના જનતા ફાટક વિસ્તારના મુખ્ય માર્ગો પર નીકળી હતી. જેમાં વિદ્યાર્થિનીઓ સહિત કચેરીના કર્મચારીઓ અને શિક્ષકો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતાં. આ બાઈક રેલી શહેરના મુખ્ય માર્ગો ઉપરથી પસાર થઈને મતદારોને જાગૃત કરતા બેનરો તેમજ સૂત્રોચ્ચાર કરી આઈ.ટી.આઈ.માં સમાપન કરવામાં આવી હતી.

માધવકૂળનો માંડવો અને જાદવકૂળની જાન

દ્વારકાના રૂક્ષ્મણી મંદિરે રૂક્ષ્મણી-દ્વારકાધીશનો ભવ્ય લગ્નોત્સવ

(તસ્વીરઃ રવિ બારાઈ)

દ્વારકા તા. ૨૦: માધવપુરનો માંડવોને જાદવ કૂળની જાન, પરણે રાણી રૂક્ષ્મણી શ્રી દ્વારકાધીશ ભગવાન વિગેરે પંરપરાગત ગીતો અને સૂત્રો સાથે ગઈકાલે ચૈત્રી સુદ તેરસના શુભ દિને દ્વારકાધીશ શ્રીકૃષ્ણ અને તેમના મુખ્ય પટ્ટરાણી માતા રૂક્ષ્મણીજીનો લગ્નોત્સવ પરંપરાગત રીતે ઊજવાયો હતો. ગઈકાલે સાંજે ૭.૦૦ કલાકથી દ્વારકાના રૂક્ષ્મણી મંદિરના પટાંગણમાં ધાર્મિક વિધિવિધાન સાથે ભગવાન દ્વારકાધીશજી અને માતા રૂક્ષ્મણીજીનો ભવ્ય લગ્નોત્સવ ઊજવાયો હતો.

તા. ૧૭-૧૮-૧૯ દરમિયાન ઉજવાયેલ શ્રીજી - શ્રી પટ્ટરાણીજીના લગ્નોત્સવમાં સાંજીના ગીત, સંગીત, સંધ્યા, માતાજીનો વરઘોડો, અન્નકૂટ મહોત્સવ યોજવામાં આવ્યા હતાં. ગઈકાલે સંપૂર્ણ ધાર્મિક વિધિ વિધાન સાથે બહોળી સંખ્યામાં ભાવિકો પૂજારી અરૂણભાઈ દવે તેમજ લગ્નોત્સવમાં મુખ્ય યજમાન પરિવારની ઉપસ્થિતિમાં શ્રી દ્વારકાધીશજી અને શ્રી રૂક્ષ્મણી માતાજીના લગ્નોત્સવની ઉજવણી કરાઈ હતી.

જામનગરના સરકીટ હાઉસમાં નાગરિકોને મળી શકશે

લોકસભા ચૂંટણી માટે જામનગરની બેઠકની દેખરેખ માટે ચૂંટણીપંચે ઓબ્ઝર્વર નિમ્યા

જામનગર તા. ૨૦: લોકસભા ચૂંટણી અંતર્ગત ચૂંટણીપંચ દ્વારા ૧૨-જામનગર સંસદીય મતવિસ્તાર માટે જનરલ ઓબ્ઝર્વર, પોલીસ ઓબ્ઝર્વર અને ખર્ચ ઓબ્ઝર્વરની નિમણૂક કરાઈ છે. તેઓ જામનગર સર્કિટ હાઉસમાં નાગરિકોને રૂબરૂ મળી શકશે.

જનરલ, પોલીસ અને ખર્ચ ઓબ્ઝર્વરના મોબાઈલ નંબર જાહેર કરાયા

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ની જાહેરાત થતા આદર્શ આચારસંહિતા અમલી છે. નિષ્પક્ષ, ન્યાયી અને મુક્ત રીતે ચૂંટણી પૂર્ણ થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીપંચના નિર્દેશ મુજબ વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે.

આ કામગીરીના ભાગરૂપે ૧૨-જામનગર સંસદીય મત વિસ્તાર માટે જનરલ ઓબ્ઝર્વર તરીકે હસમતઅલી યાતો (આઈએએસ), પોલીસ ઓબ્ઝર્વર તરીકે ઉત્તપલકુમાર નાસ્કર (આઈપીએસ) અને ખર્ચ ઓબ્ઝર્વર તરીકે અવિજિત મિશ્રા (આઈઆરએસ) ની નિમણૂક કરવામાં આવી છે.

૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં ચૂંટણીને લગતી કોઈપણ ફરિયાદ કે રજૂઆત માટે નાગરિકો તેમને રૂબરૂ મળી શકશે. અથવા જનરલ ઓબ્ઝર્વરના મોબાઈલ નં. ૯૦૨૩૩ ૮૦૩૪૧, પોલીસ ઓબ્ઝર્વરના મોબાઈલ નં. ૮૭૯૯૧ ૩૬૦૪૪ અને ખર્ચ ઓબ્ઝર્વરના મોબાઈલ નં. ૮૧૬૦૯ ૧૬૫૧૯ ઉપર સંપર્ક કરી શકાશે. તેઓ લાલબંગલો સર્કલ, જામનગર સર્કિટ હાઉસના રૂમ નંબર ૨,૩ અને ૬ પર નાગરિકોને રૂબરૂ મળી શકશે.

વૈવાહિક જીવનના પ્રશ્નોના નિરાકરણ માટે લોક અદાલત

(તસ્વીરઃ મુકેશ મોકરીયા)

ખંભાળીયા તા. ૨૦ : ગુજરાતમાં લગ્ન જીવનના પ્રશ્નોના નિરાકરણ માટે ૩૪ પ્રીલીટીગેશન લોક અદાલતો શરૂ કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા ન્યાયિક અધિકારી તથા મેડીયેટર તરીકે નિમાયેલા એડવોકેટ કિર્તીદાબેન ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં પ્રી-લીટીગેશન લોક અદાલત શરૂ કરવામાં આવી છે. જ્યાં મેડીટેશન રૂમ તથા કન્સલ્ટેશન રૂમ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે.

સલાયાઃ રામનવમીના પારણાંની નાત

(તસ્વીરઃ આનંદ લાલ)

સલાયા તા. ૨૦ : સલાયા લોહાણા મહાજન દ્વારા રઘુવંશી પરિવારના સહયોગથી રામનવમીના પારણાંની નાત (જ્ઞાતિ સમૂહ ભોજન)નું આયોજન કરવામાં આવ્યું હતું.

જ્ઞાતિ ભોજનની શરૂઆત શ્રી રામ, જલારામ બાપા તથા બ્રહ્મસમાજની આરતી સાથે કરવામાં આવી હતી. પંગતમાં બેસાડીને ભોજન પીરસવામાં આવ્યું હતું.

ખંભાળીયા લોહાણા મહાજનના ટ્રસ્ટીઓ, નગરપાલિકા પ્રમુખ પરિવાર, રઘુવંશી આગેવાનો ખાસ પધાર્યા હતાં. સલાયા લોહાણા મહાજન તથા જલારામ સેવા સમિતિએ જહેમત ઉઠાવી હતી.

અકસ્માતની પોલીસમાં ફરિયાદઃ

મોટી બાણુગાર પાસે બે બાઈક ટકરાયાઃ એક યુવાનને ઈજા

જામનગર તા. ૨૦: જામનગર નજીક મોટી બાણુગાર ગામ પાસે દસેક દિવસ પહેલાં બે બાઈક ટકરાઈ પડતા મોટી બાણુગારના યુવાન ઘવાયા છે.

જામનગર-રાજકોટ માર્ગ પર મોટી બાણુગાર ગામમાં રહેતા પ્લમ્બર રમેશભાઈ રાજાભાઈ પારીયા ગઈ તા.૮ની સાંજે સાતેક વાગ્યે જીજે-૧૦-બીએચ ૬૬૪૩ નંબરના બાઈકમાં ગામ તરફ જતા હતા ત્યારે મોટી બાણુગારના પાટિયા પાસે એમપી-૪૫-એમએલ ૩૪૨૭ નંબના બાઈકના ચાલકે તેઓને ટક્કર મારી હતી.

બાઈક પરથી ઉથલી પડેલા રમેશભાઈને માથા તથા ખભા સહિતના શરીરના અન્ય ભાગોમાં ઈજા થઈ છે. તેઓએ પોલીસમાં ફરિયાદ કરી છે.

સોના ચાંદીના ભાવ

૧૦૦ ગ્રામ શુધ્ધ સોનું (બિસ્કિટ)	7,60,000
૨૨ કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	68,100
તેજાબી સોનું (૧૦ ગ્રામ)	74,000
ચાંદી-૯૯૯ (૧ કીલો)	85,000

સૌ. યુનિવર્સિટી દ્વારા પીએચડીની પદવી

ડો. દિપકકુમાર શુકલ

ધોલ તા. ૨૦ : જ્ઞાનજ્યોત સ્કુલ ધોલના આચાર્ય ડો. દિપકકુમાર ધીરજલાલ શુકલએ હિન્દી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ અંતર્ગત સૂરદાસ એવમ નરસિંહ મહેતા કી ભક્તિ સાધના : એક તુલનાત્મક અધ્યયન, વિષય પર ગાર્ડી કોલેજ ધોલના પ્રાધ્યાપક ડો. દિપ્તીબેન પરમારના માર્ગદર્શન હેઠળ શોધ કાર્ય કરી મહાશોધ નિબંધ રજૂ કરી પીએચડીની ડીગ્રી પ્રાપ્ત કરી છે. આ ઉપરાંત શિક્ષણ વિદ્યાશાખા અંતર્ગત ગુજરાત સેટ (જીએસઈટી) પરીક્ષા પાસ કરી શાળા પરિવાર તેમજ સમસ્ત બ્રહ્મ સમાજ ધોલનું ગૌરવ વધાર્યું છે.

દ્વારકા જિલ્લાના તમામ નોડલ અધિકારીઓ સાથે

જામનગર બેઠક માટે નિમાયેલા ચૂંટણીપંચના જનરલ ઓબ્ઝર્વરે યોજી બેઠકઃ સર્વગ્રાહી સમીક્ષા

ખંભાળીયા તા. ૨૦: લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ચૂંટણીપંચ દ્વારા નિયુક્ત જનરલ ઓબ્ઝર્વર હસમત અલી યાતોએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજી ચૂંટણીલક્ષી સમીક્ષા કરી હતી.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જામનગર લોકસભા મત વિસ્તાર માટે ભારતીય ચૂંટણીપંચ દ્વારા નિયુક્ત કરાયેલ જનરલ ઓબ્ઝર્વર હસમત અલી યાતોએ દેવભૂમિ દ્વારકા જિલ્લા સેવા સદનના સભાખંડમાં તમામ નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજી ચૂંટણલક્ષી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

બેઠકમાં જનરલ ઓબ્ઝર્વરશ્રીને નોડલ અધિકારીઓની કામગીરી ખર્ચ મોનિટરિંગ અંતર્ગત નિમવામાં આવેલ ફ્લાઈંગ સ્કવોડ, એસ.એસ.ટી., વી.એસ.ટી. ચેક પોસ્ટની વિગતો, ન્યુઝ મોનિટરિંગ સહિતની બાબતોથી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે.ડી. પટેલે પ્રેઝન્ટેશનના માધ્યમથી માહિતગાર કર્યા હતાં.

જનરલ ઓબ્ઝર્વરે પણ વિવિધ નોડલ અધિકારીઓ દ્વારા હાથ ધરાયેલ કામગીરી તથા તૈયારીઓની સમીક્ષા કરી હતી અને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દેવભૂમિ દ્વારકા જી.ટી. પંડ્યા, નોડલ ઓફિસર ખર્ચ અને જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી, નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા સહિત જિલ્લાના તમામ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

રામ સવારી શોભાયાત્રાના રૂટ પર

પિપળેશ્વર મહાદેવ મિત્ર મંડળ દ્વારા છાશ વિતરણ

જામનગર તા. ૨૦: જામનગરમાં સેન્ટ્રલ બેંક રોડ, ધ્રુવ ફળી, શેરી નં. ૧માં આવેલ પીપળેશ્વર મહાદેવ મિત્ર મંડળ દ્વારા રામ સવારી શોભાયાત્રાના રૂટ પર ઠંડી છાશનું પ્રસાદીરૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. છાશનું વિતરણ કરવા એડવોકેટ પાર્થ ડી. સામાણી, મંદિરના પૂજારી પરિમલભાઈ ભટ્ટ, શારડા ફોરેસ પરિવારના મોભીઓ હરીઓમભાઈ રામભાઈ શારડા, પ્રફુલભાઈ ચોકસી, નંદનભાઈ ભટ્ટ, જતીનભાઈ વારીઆ, દિનેશભાઈ બોરસરા, દિનેશભાઈ સામાણી સહિતના રામ ભકતો-સેવાભાવી યુવાનો તેમજ લતાવાસીઓ જોડાયા હતાં.

પ્રથમ તબક્કામાં કેટલાક પૌરાણિક સ્થાનો પછી

બરડા ડુંગરના ઘુમલીમાં નવલખાનું રેસ્ટોરેશન બીજા તબક્કામાં હાથ ધરાશે

જામનગર તા. ૨૦: દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડમાં બરડાના ડુંગરાળ વિસ્તારમાં આવેલ ઘુમલીના નવલખાનું રેસ્ટોરેશન કામ શરૂ કરવામાં આવનાર છે. ઘુમલી, સૌરાષ્ટ્રની પ્રાચીન રાજધાની દ્વારકા, ગીરીનગર અને વલ્લભી પછી મહત્વનું સ્થાન ધરાવતું હતું. શિલ્પ સ્થાપત્યની દ્રષ્ટિએ ગૌરવરૂપ ગણાતા આ નગરના અમુક અવશેષો વોટસન મ્યુઝિયમમાં સમાવાયા છે. જે વોટસન મ્યુઝિયમની મુલાકાત શ્રીલંકાના પૂર્વીય પ્રાંતના ગર્વનર સેન્થલ થોન્ડમેને લીધી હતી.

હાલ પ્રથમ તબક્કામાં કેટલાક પૌરાણિક સ્થાનોનું રેસ્ટોરેશન કામ ચાલુ છે. બીજા તબક્કામાં નવલખા મંદિરના રેસ્ટોરેશનની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. નવલખા મંદિર પાસેના સ્મારકની કેમિકલ ટ્રીટમેન્ટ, રેસ્ટોરેશન અને પેરીફેરીમાં બાઉન્ડ્રીવોલ વગેરેનું કામ હાથ ધરાશે. ઘુમલીનું ગણેશ મંદિર ૧૦ મી સદીનું હોવાનું અનુમાન છે.

વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ, દુર્ગાવાહિની, માતૃશક્તિ દ્વારા શક્તિ પ્રદર્શન-રાતસોત્સવ યોજાયો

જામનગરના ધરાનગર-૧માં રામ નવમી નિમિત્તે શોભાયાત્રા યોજાઈ

જામનગરના બેડેશ્વર શ્રમજીવી મંડળ તથા રામ સવારી સેવા સમિતિ દ્વારા રામનવમી નિમિત્તે બેડેશ્વર ધરાનગર ૧ થી રામસવારીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું આ સવારીમાં વિશ્વ હિન્દુ પરિષદના બજરંગ દળ, દુર્ગાવાહિની અને માતૃશક્તિની ટીમ જોડાઈ હતી અને બહેનો દ્વારા પ્રભુ શ્રીરામના આગમનના વધામણા કરવા રાસ ગરબા તેમજ બજરંગ દળ અને દુર્ગાવાહિની દ્વારા શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું આ તકે બેડેશ્વર શ્રમજીવી મંડળ અને રામ સવારી સેવા સમિતિના પ્રમુખ રણજીતસિંહ જાડેજા, ઉપપ્રમુખ ભક્તિરાજસિંહ સોઢા, કાર્યવાહક પ્રમુખ જીતુભાઈ મકવાણા, મંત્રી પૃથ્વીરાજસિંહ વાળા, સહમંત્રી કમલેશભાઈ ઉમરાણીયા, ખજાનચી રાજેન્દ્રસિંહ જાડેજા, સહખજાનચી કમલેશભાઈ પ્રજાપતિ સહિતના લોકોએ આ રામસવારીને સફળ બનાવી હતી. આ રામસવારીમાં વિશ્વ હિન્દુ પરિષદના માતૃશક્તિના પ્રાંત સહસંયોજિકા હીનાબેન અગ્રાવત, વિભાગ અધ્યક્ષ ભરતભાઈ ડાંગરિયા, વિભાગ મંત્રી ધર્મેશભાઈ ગોંડલીયા, જામનગર ગ્રામ્યના અધ્યક્ષ રમેશભાઈ તારપરા, મહાનગરના ઉપાધ્યક્ષ સુબ્રમણ્યમભાઈ પિલ્લે, વિજયભાઈ બાબરીયા, પ્રફુલ્લાબેન અગ્રાવત, મહાનગરના મંત્રી હેમંતસિંહ જાડેજા, સુરેશભાઈ ગોંડલીયા, વિશેષ સંપર્ક સંયોજક કલ્પેશભાઈ રાજાણી, દુર્ગાવાહિની પ્રાંત કાર્યકારી કૃપાબેન લાલ, સહસંયોજિકા કોમલબેન ઘનવાણી, માતૃશક્તિ સહસંયોજિકા અલકાબેન ટંકારીયા, ભગીરથીબેન અજા, વર્ષાબેન નંદા, ભાવનાબેન ગઢવી સત્સંગ સયોજિકા રેખાબેન લાખાણી, બજરંગ દળ સહસંયોજક ભૈરવભાઈ ચાંદ્રા, ધ્રુમિલ રાવ લંબાટે, હિમાંશુભાઈ ગોસ્વામી, નીરુભા જાડેજા સહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને મોટી સંખ્યામાં રામભક્તો રામ સવારીમાં જોડાયા હતાં.

ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. કનકબા મેરૂભા સોઢા

સ્વ.તા. ૨૦-૦૪-૨૧

સમય તમારી જિંદગીનો ઓછો હશે એ ક્યાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી, જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં રહ્યા, કાર્યો એવા કરતા ગયા કે સૌના સ્મરણમાં રહ્યા,

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

સ્વ.

મહાવીરસિંહ મેરૂભા સોઢા (પુત્ર) - શક્તિસિંહ મેરૂભા સોઢા (પુત્ર)

જયવીરસિંહ ભારૂભા રાણા (જમાઈ) - ભાવનાબા જયવીરસિંહ રાણા (પુત્રી)

દેવાંશીબા મહાવીરસિંહ સોઢા (પુત્રવધુ) - નિશાબા શક્તિસિંહ સોઢા (પુત્રવધુ)

હેતવીબા મહાવીરસિંહ સોઢા (પૌત્રી) - ભાર્ગવીબા શક્તિસિંહ સોઢા (પૌત્રી)

વૈભવીબા રાણા (ભાણીબા) - આદિત્યસિંહ રાણા (ભાણુભા)